ગાંધીનગર સમાચાર

વિધાનસભામાં સંસદીય સચિવોને ચેમ્બરો જ ફાળવવામાં આવી નહિ

# આજે ગાંધીનગર જિલ્લા માટે ઐતિહાસિક દિવસ

## વિધાનસભાના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને વિપક્ષના નેતા ત્રણેય મહત્વના સ્થાનો પર જિલ્લાના છોરૂ બેસશે

ગાંધીનગર, તા. ૨૧

૨૨મી ઓગષ્ટ-૨૦૧૬ એ ગાંધીનગર જિલ્લા સમયના તેમના વડીલ નેતા શંકરસિંહ વાઘેલા અધ્યક્ષપદની ખુરશી સુધી દોરી જશે.



માટે ઐતહાસિક દિવસ બનશે. રાજ્યના સર્વોચ્ચ ગૃહ વિધાનસભાના અધ્યક્ષપદ, ઉપાધ્યક્ષપદ અને વિપક્ષના નેતાપદે ગાંધીનગર જિલ્લાના ત્રણ-ત્રણ મહાનુભાવો એક સાથે જોવા મળશે.

વિધાનસભાની તવારીખીમાં જવલ્લે જ બનતી આવી ઘટના છે. વિધાનસભા વિપક્ષના નેતા પદે શંકરસિંહ વાઘેલા છે. જે ગાંધીનગર તાલુકાના વાસન ગામના વતની છે. કપડવંજથી ધારાસભ્ય તરીકે વિજેતા બની આવ્યા છે. તેઓ આ ગૃહના નેતા પણ રહી ચુક્યા છે ત્યારે તેમણે રાધનપુર બેઠકનું પ્રતિનિધિત્વ કર્યું હતું જે ઉલ્લેખનીય છે.

હવે વિધાનસભાના ૨૫મા અધ્યક્ષ તરીકે સર્વસંમતિથી સોમવારે નિયુક્ત થનાર રમણલાલ વોરા કલોલ તાલુકાના ગોવિંદપુર (વેડા)ના વતની છે. પ્રાથમિક શિક્ષણ ગામની શાળામાં જ મેળવ્યું હતું. આ પછી તેમણે બેંકમાં કર્મચારી તરીકે સેવાઓ આપી હતી અને ત્યાર પછી ૧૯૯૫માં તેઓ સક્રિય રાજકારણમાં જોડાયા અને ઈડર વિધાનસભા મતવિસ્તારનું તેઓ પ્રતિનિધિત્વ કરી રહ્યા છે.

રાજ્યકક્ષાના મંત્રીપદથી લઈ કેબિનેટ મંત્રી તરીકેની લાંબી રાજકીય કારકિર્દી બાદ હવે તેઓ વિધાનસભાના અધ્યક્ષપદે સર્વસંમતિથી નિયુક્ત થવા જઈ રહ્યા છે ત્યારે જિલ્લાના જ વતની અને એક

વિધાનસભાના ઉપાધ્યક્ષપદ માટે ભારતીય જનતા પક્ષે ગાંધીનગર (દ)ના ધારાસભ્ય અને ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગામના વતની શંભુજી ઠાકોરની પસંદગી કરી છે.

ઓછા બોલા અને સતત કામમાં જ વ્યસ્ત રહેવાની આદત ધરાવતા શંભુજી ઠાકોર વ્યવસાયે વકીલ છે. તેઓ ઉપાધ્યક્ષ તરીકે વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાની બાજુમાં સ્થાન ગ્રહણ કરશે.

શંભુજી ઠાકોર અને શંકરસિંહ વાઘેલા બન્ને વૈજનાથ મહાદેવના પરમ ભક્ત તરીકેની આગવી ઓળખ ધરાવે છે. શંભુજી ઠાકોરના કાર્યકર્તા તરીકેના ઘડતરમાં શંકરસિંહ વાઘેલાનું મોટુ પ્રદાન રહેલુ છે. બાજપાઈ, વાઘેલા અને અડવાણી ગાંધીનગરમાંથી ચૂંટણી લડ્યા ત્યારે તેમના કાર્યાલયમાં કાર્યકર્તા તરીકેની જવાબદારી તેમણે બખુબી બજાવી હતી અને ત્રણેય નેતાઓના દિલમાં અનેરૂ સ્થાન તેઓ ધરાવે છે.

આજે જે રમણલાલ વોરા અને શંભુજી ઠાકોરે જ્યારે અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ તરીકે ઉમેદવારીપત્ર રજુ કર્યા ત્યારે ગાંધીનગર શહેર અને જિલ્લા ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા.

જિલ્લાના ત્રણ મહાનુભાવો એક સાથે ગૃહના

● અનુસંધાન પાન-૭ પર



સ્મૃતિ સભા - અક્ષરધામ સંકુલના હરિમંદિર ખાતે રવિવારની સાંજે પરમ પૂજ્ય પ્રમુખસ્વામીને અંજલિ આપવા હરિભક્તોની સ્મૃતિ સભા યોજાઈ હતી... બાપાના અક્ષરનિવાસની પળથી અંતિમ સંસ્કાર સુધીની વિડીયો ફિલ્મ ભાવપૂર્વક સૌએ નિહાળી હતી... અંતમાં પૂજ્ય આનંદસ્વામીએ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના અક્ષરધામ સાથેના સંસ્મરણો યાદ કરી ભાવપૂર્વક અંજલિ આપી હતી... અક્ષરધામ જેવી અમૂલ્ય ભેટ આપનાર પરમ પૂજ્ય પ્રમુખસ્વામીનું ગાંધીનગર સદાય ઋણી રહેશે....

# આજથી વિધાનસભાનું મીની સત્ર

## જીએસટી બંધારણીય સુધારા બિલ પાસ કરાશે : આસામ અને બિહારે જીએસટી અંગે બંધારણીય સુધારા બિલ પાસ કર્યા બાદ ગુજરાત સરકાર પણ સંપૂર્ણ તૈયાર

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત વિધાનસભાનું બે દિવસનું વિધાનસભા સત્ર આવતીકાલથી શરૂ થઈ રહ્યું છે. આ બે દિવસના ગાળા દરમિયાન ગુજરાત સરકાર પણ બંધારણીય સુધારા બિલને સર્વસંમતિથી પસાર કરે તેવી શક્યતા છે. જીએસટી અંગે બંધારણીય સુધારા બિલ પસાર કરવા માટે તખ્તો તૈયાર કરી લેવામાં આવ્યો છે. જાણકાર લોકોનું કહેવું છે કે, ગુજરાત સરકાર પણ વહેલી તકે આને પસાર કરવાના મૂડમાં દેખાઈ રહી છે. જીએસટી બિલને પહેલાથી જ બે રાજ્યો પસાર કરી ચુક્યા છે જેમાં આસામ અને બિહારનો સમાવેશ થાય છે. આ બંને સરકારો તેને મંજુરી આપી ચુકી છે. વિધાનસભાના બે દિવસના ટૂંકા સત્ર દરમિયાન કેટલાક

● અનુસંધાન પાન-૭ પર

## આજે રમણલાલ વોરા અધ્યક્ષ બનશે

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે આવતીકાલે રમણભાઈ વોરાની સર્વાનુમતે વરણી કરવામાં આવશે.

વિધાનસભાના અધ્યક્ષ ગણપતભાઈ વસાવાનો મંત્રીમંડળમાં મંત્રી તરીકે સમાવેશ કરવામાં આવતા આ પદ ખાલી પડવા પામ્યું હતું. આ પદ માટે ભાજપ દ્વારા પૂર્વ મંત્રી રમણભાઈ વોરાની પસંદગી કરવામાં આવતા રમણભાઈ વોરાએ અધ્યક્ષપદની ચૂંટણી માટે ગઈકાલે પોતાનું ઉમેદવારી પત્ર ભર્યું હતું. રમણભાઈ વોરાએ વિધાનસભાના અધ્યક્ષ તરીકે ઉમેદવારીપત્ર ભરતાં વિપક્ષ કોંગ્રેસે તેમની સામે કોઈ ઉમેદવાર ઉભો ન રાખીને રમણભાઈ વોરાને સમર્થન આપતા હવે અધ્યક્ષ પદ માટે ચૂંટણી નહી યોજાય. આવતીકાલથી વિધાનસભાનું બે દિવસના ટૂંકા સત્રનો પ્રારંભ થવાનો છે. ત્યારે સત્રના પ્રથમ દિવસે જ વિધાનસભાના નવા અધ્યક્ષની નિમણુંક પ્રક્રિયા હાથ ધરાશે જેમાં રમણભાઈ વોરાની સર્વાનુમતે પસંદગી કરીને તેમને આવતીકાલે વિધાનસભાના અધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવશે.

## વિધાનસભામાં સંસદીય સચિવોને ચેમ્બરો જ ફાળવવામાં આવી નહિ

### ટુંકી નોટીસથી સત્ર બોલાવતાં અને સંસદીય સચિવોની સંખ્યાને ધ્યાને લેતાં ચેમ્બરો બનાવવી અશક્ય બની

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત વિધાનસભાના આજથી શરૂ થઈ રહેલા ચોમાસુ સત્રમાં વિધાનસભા ખાતે સંસદીય સચિવોના કાર્યાલય માટે જગ્યા નહિ હોવાથી તેની ફાળવણી જ કરવામાં આવી નથી.

ચોમાસુ સત્ર સાત દિવસના ટુંકાગાળાની નોટીસથી બોલાવાયુ હોવાથી સંસદીય સચિવોની ચેમ્બરો બનાવવા માટે સમય જાય તેમ હોઈ તેમની ચેમ્બરો નહિ ફાળવવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

રાજ્ય સરકારમાં ૧૧ સંસદીય સચિવોની નિયુક્તી કરવામાં આવી છે. જેમની સંખ્યા સૌથી વધુ છે. વિધાનસભામાં ઉપલબ્ધ ચેમ્બરો જે છે તેમાં મંત્રી મંડળના સભ્યોને સમાવવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## પેથાપુરમાં મેડીકલ ઓફીસરની જગ્યા છેલ્લા ત્રણ વર્ષથી ખાલી

### સત્વરે જગ્યા નહી ભરાય તો ગાંધીચિંધ્યા માર્ગે ગામવાસીઓ આંદોલન કરશે

ગાંધીનગર, તા.૨૧

ગુજરાત રાજયના પાટનગરથી માત્ર સાત કિલોમીટર દુર આવેલ પેથાપુર નગરમાં છેલ્લા ત્રણ વર્ષથી મેડીકલ ઓફીસર સહિત આનુષાંગિક કર્મચારીઓની જગ્યા ખાલી છે.રાજયમાં ઉચ્ચકક્ષાની આરોગ્યની સેવાઓ આપવાની વાત સરકાર દ્વારા કરવામાં આવે છે ત્યારે પાટનગરના પાદરે આવેલ પેથાપુરમાં જ નાગરીકોને પ્રાથમિક સારવાર માટે ફાંફા મારવા પડે તેવી સ્થિતિ ઉદ્દ્ભવી છે. સૌનો સાથ સૌનો વિકાસના બણગા ફુંકતી સરકારના નાકની દાંડી સામે દિવા તળે અંધારુ છે.સામાન્ય બિમારી તેમજ ઘાયલ થતા દર્દીને તાત્કાલીક નજીકના ખાનગી દવાખાને સારવાર લેવાની ફરજ પડે છે અથવા ગાંધીનગર હોસ્પિટલ સુધી લાંબા થવુ પડે છે. આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કાર્યરત કરવામાં આવે તો પેથાપુરવાસીઓને ઘર આંગણે આરોગ્યલક્ષી સારવાર પ્રાપ્ત થઈ શકે છે. તંત્ર કક્ષાએ અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો ગ્રામવાસીઓ કરી ચુક્યા છે છતા યોગ્ય નિર્ણય સત્વરે નહી આવે તો ગ્રામવાસીઓએ ઉગ્ર આંદોલનની ચિમકી ઉચ્ચારી છે.

પાટનગરના પાદરે આવેલ પેથાપુર ગામ અંદાજે ૨૦હજારથી વધુ વસ્તી ધરાવતુ ગામ છે. ગાંધીનગર જિલ્લાનું સૌથી મોટા ગામમાં છેલ્લા ત્રણ વર્ષથી ભાજપ શાસિત નગરપાલિકા છે. આ પ્રાથમિક આરોગ્ય કાર્યરત થાય તે માટે નાગરીકોએ અનેકવાર લેખીત

● અનુસંધાન પાન-૭ પર



ઝરમર વરસાદ - શહેરમાં શ્રાવણિયા વરસાદે ચાર-પાંચ દિવસના વિરામ બાદ રવિવારે સવારે ઝરમર વરસી વાતાવરણમાં ઠંડક પ્રસરાવી દીધી હતી.

## આજે અડવાણીની અધ્યક્ષતામાં જિલ્લામાં ૨૮ યોજનાના અમલીકરણની સમીક્ષા

### ગાંધીનગરમાં વિધાનસભાનું સત્ર હોવાથી બેઠક અમદાવાદ સરકીટ હાઉસમાં મળશે : બધા અધિકારીઓ પદાધિકારીઓ અમદાવાદ જશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓના અમલીકરણ તેમજ મોનીટરીંગ માટે આજે એક મહત્વની બેઠક સાંસદ અને ભાજપના વરિષ્ટ આગેવાન લાલકૃષ્ણ અડવાણીની અધ્યક્ષતામાં અમદાવાદ ખાતે મળશે.

અમદાવાદના એનેક્ષી સરકીટ હાઉસ ખાતે યોજાયેલી આ સમીક્ષા બેઠક અંગે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ માટે તંત્ર દ્વારા ખાસ પાવરપોઈંટ પ્રેઝન્ટેશન પણ તૈયાર કરવામાં આવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે ૨૮ જેટલી વિવિધ યોજનાઓ જેવી કે ગ્રામ વિકાસની મનરેગા, રાજીવ ગાંધી સેવા કેન્દ્ર, આવાસ યોજનાઓ, ઉજવલ્લાની યોજના, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, સાંસદ આદર્શ ગ્રામ યોજના, સ્વચ્છ ભારત મિશન અંતર્ગત થયેલી કામગીરી, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના, ગ્રામીણ પેયજળની યોજના, ડીજીટલ ઈન્ડિયા, લેન્ડરેકર્ડ મોર્ડનાઈઝેશન યોજના, રૂર્બન, અર્બન ટ્રાન્સપોર્ટ યોજના, પાક વીમા યોજના, નેશનલ હેલ્થમિશન સર્વશિક્ષાઅભિયાન, મધ્યાહન ભોજન યોજના, ડીજીટલ ઈન્ડિયા કૌશલ વિકાસ યોજના સહિતના મુદ્દાઓની આ બેઠકમાં સમીક્ષા થશે.

આ બેઠકમાં જિલ્લાના સાંસદો, ધારાસભ્યો, જિલ્લા પંચાયત પ્રમુખ, તા. પં. ના નં.પં.ના પ્રમુખો, મેયર, જિલ્લાના અમલીકરણના અધિકારીઓ હાજર રહેશે. અંદાજે ૭૦ જેટલા અધિકારીઓ હાજર રહેશે.

● અનુસંધાન પાન-૭ પર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર
પીલર, બેનર્સ...
અર્બી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com